જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૭/૨૦૧૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નાસતા-ફરતાં આરોપીને હાજર થવા ફરમાન : સમાચાર યાદી નં.૧૨૯૫/૧૬

અમદાવાદ શહેરનાં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૯૩/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૦૭, ૧૨૦(બી), ૧૧૪ સીટી સેસન્સ કોર્ટ કેશ નંબર ૧૮૭/૨૦૧૫ નાં આરોપી ઇમરાનઅહેમદ ઉર્ફે ઇમરાન કાનપુરી અબ્દુલસતાર રંગરેજ (રહે.૬૪૫/એએ ન્યુ ફૈસલનગર ખેડાનાકા પાસે, દાણીલીમડા) નાઓ દિન-૧૪ નાં વચગાળાનાં જામીન ઉપર મુકત થયેલ હોય અને તેઓને તા.૨૧/૧૨/૨૦૧૫ ના રોજ પરત જેલ ખાતે હાજર થવાનું હોય, પરંતુ તેઓ આજદીન સુધી હાજર થયેલ નથી અને આ આરોપી પોતાને વૉરન્ટની બજવણી ન થાય તે માટે સંતાતો અથવા નાસતો ફરે છે. આથી નામદાર એડી.સેશન્સ જજ શ્રી પી.સી.રાવલ સાહેબ, સીટી સેસન્સ કોર્ટ નં.૧૪, નાઓએ આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.૮૨ મુજબ જાહેરનામુ ફરમાવી આ આરોપીને તા.૧૯/૭/૨૦૧૬ નાંરોજ પોતાની સમક્ષ તથા સીટી સેસન્સ કોર્ટ નં.૧૪ સમક્ષ હાજર થવા ફરમાવેલ છે.

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯૬/૧૬

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૪૮ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.**

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯૭/૧૬

**શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૪ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.**

અપહરણઃ- સમાચાર યાદી નં.૧૨૯૮/૧૬

**ઘાટલોડીયાઃ મનીષા રામુભાઇ પટણી (ઉ.વ.૧૭)(રહે,સંજયનગરનાં છાપરાં, સંજયનગર ગેટ નં-૩, સોલા રોડ ઘાટલોડીયા)** ને તા.૩૦/૬/૧૬ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી **સંજય ઉર્ફે ચકી ગાંડાભાઇ દંતાણી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ઘર નજીકથી ભગાડી** લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મનીષાબહેનનાં પિતા રામુભાઇ પટણીએ તા.૧૫/૭/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **એસ.એમ પટેલ** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઈસનપુરઃ હરીશભાઈ ઉર્ફે વુજયભાઈ કિશોરલાલ ભાવસાર (રહે.વિશાલનગર સોસાયટી અંબે માતાના મંદિર પાસે ઈસનપુર) એ** તા.૧૫/૭/૧૬ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૭/૧૬ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર નરેશ (ઉ.વ.૧૨) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ એન પંડ્યા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૯૯/૧૬</u>**

**વાડજઃ** દક્ષાબહેન તે મહેન્દ્રભાઈ બુલાખીદાસ સોનીની વિધવા પત્ની (ઉ.વ.૬૫) (રહે. સર્જન ટાવર મેમનગર ગુરૂકુળ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૭/૧૬ સવારના ૧૧/૫૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ રાજશ્રી જવેલર્સની દુકાનમાં ભીખ માંગવા આવેલ છ અજાણી સ્ત્રીઓ દક્ષાબહેનની નજર ચુકવી દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૦,૫૦૦/- મતા સાથેનુ પર્સ ચોરી કરી લઈ પલાયન થઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે બી બુબડીયા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૦૦/૧૬</u>**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ મોહમદચાંદ અબ્દુલમજીદ અંસારી (રહે.ગુલશન મસ્જીદ પાસે એચ.પી પેટ્રોલપંપની સામે ઈસનપુર) એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** તા.૧૫/૭/૧૬ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે શાહ આલમ દરવાજા નજીક નિવેશ હાઈસ્કૂલ નજીકથી એક્ટીવા ચલાવી ભાણીયા શાહરૂખ અને નવાઝ સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૧ સીવાય ૭૭૩૧ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા ત્રણેય ફંગોળાઈ ગયા હતા જેમા ભાણીયા નવાઝ (ઉ.વ.૧૩) ને શરીરે ગંભીર ઈજાઓ થતા નવાઝનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે “જે” ડીવીઝન ટ્રાફીક પોલીસે ગુનો નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પરમાર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)